# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30/03/2026** **Morning : 7.10 to 7.20**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. કેન્દ્ર સરકારે જણાવ્યું, દેશના તમામ પેટ્રોલ પમ્પ પર પેટ્રોલ અને ડિઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ.
2. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, લોકોને ગેરમાર્ગે દોરે તેવી ખોટી માહિતી આપનારા લોકો સામે ગુનો દાખલ કરાશે.
3. રાજ્યમાં A.I. ક્રાન્તિને વેગ આપવા 100થી વધુ ગ્રાફિક્સ પ્રોસેસિંગ યુનિટ તૈયાર કરાશે.
4. રાજ્યમાં છૂટાછવાયા સ્થળ પર આજે ગાજવીજ સાથે વરસાદની આગાહી.
5. ચંદીગઢમાં યોજાયેલી રાષ્ટ્રીય ઑપન રિલે સ્પર્ધામાં હિંમતનગર ઍથ્લેટિક્સ મહિલાની ટીમે રજત ચંદ્રક જીત્યો.

-------------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# GOVT ON PETROL

કેન્દ્ર સરકારે જણાવ્યું, દેશના તમામ પેટ્રોલ પમ્પ પર પેટ્રોલ અને ડિઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. લોકોને અફવાઓ પર વિશ્વાસ ન કરવા પણ સરકારે અપીલ કરી છે. પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયે જણાવ્યું, ગ્રાહકોને મદદરૂપ થવા પેટ્રોલ અને ડિઝલ પર આબકારી શુલ્કમાં પ્રતિલિટર 10 રૂપિયાનો ઘટાડો કરાયો છે.

મંત્રાલયે જણાવ્યું, ઘરેલુ LPGનો પૂરવઠો સામાન્ય છે. હાલ દરરોજ 55 લાખથી વધુ ગેસના બાટલાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. વાણિજ્યિક LPG પૂરવઠો કટોકટી પહેલાના સ્તરના અંદાજે 70 ટકા સુધી પહોંચી ગયો છે. ઘરગથ્થુ અને પરિવહન માટે કુદરતી ગેસને પ્રાથમિકતા અપાઈ રહી હોવાનું પણ મંત્રાલયે જણાવ્યું.

# CM PATEL ON PETROL

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં પેટ્રોલ-ડિઝલનો પૂરતો જથ્થો હોવાનું જણાવતા લોકોને અફવાઓથી દૂર રહેવા અપીલ કરી છે. ગઈકાલે અમદાવાદમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના “મન કી બાત” કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળતા પહેલાં લોકોને સંબોધતા શ્રી પટેલે આ વાત કહી.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

# HARSH SANGHAVI IMP MEETING

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, રાજ્યમાં હાલ ગેસ, પેટ્રોલ, ડિઝલ સહિતની આવશ્યક ચીજવસ્તુઓનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. તેમણે ગેરમાર્ગે દોરે તેવી કોઈ પણ ખોટી માહિતીને સમજ્યા વગર ફૉરવર્ડ કરનારા લોકો સામે ગુનાઓ દાખલ કરાશે તેમ જણાવ્યું હતું. સુરતમાં દક્ષિણ ગુજરાતના વિવિધ ઉદ્યોગના પ્રતિનિધિઓ સાથેની બેઠકમાં શ્રી સંઘવીએ કહ્યું, શ્રમિકોને પાંચ કિલોના ગેસ બાટલા પૂરતા પ્રમાણમાં મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

મધ્ય–પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષ અને વૈશ્વિક કટોકટીની પરિસ્થિતિને ધ્યાને લઈ શ્રી સંઘવીએ ઉદ્યોગ મંડળો અને રાજ્યના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી, જેમાં તેમણે ગેસ પૂરવઠા તથા શ્રમિકોની વ્યવસ્થા જેવા વિષય પર ચર્ચા કરી હતી.

# GOVT KEROSENE NOTIFICATION

કેન્દ્ર સરકારે 21 રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ઉચ્ચ ગુણવત્તાવાળા કેરોસિન તેલના વિતરણને મંજૂરી આપતી ગેઝેટ સૂચના જાહેર કરી છે. વિશ્વભરમાં ઉર્જા પૂરવઠાને અસર કરતી ભૂ-રાજકીય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આ નિર્ણય કરાયો છે. તેનો ઉદ્દેશ જ્યાં સામાન્ય પરિસ્થિતિઓમાં કેરોસીનનો ઉપયોગ બંધ કરાયો હોય તેવા વિસ્તારમાં રસોઈ અને લાઈટિંગની જરૂરિયાતોને પૂર્ણ કરવાનો છે.

# PM MODI STATE VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે એક દિવસ રાજ્યના પ્રવાસે આવશે. તેઓ નવરચિત વાવ-થરાદ જિલ્લામાંથી અંદાજે 19 હજાર 800 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોની ભેટ આપશે. પ્રધાનમંત્રીના આગમનને લઈ રાજ્ય વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

# GUJARAT AI KRANTI

રાજ્યમાં કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I.ના માળખાને મજબૂત બનાવવા હાથ ધરાયેલી મહત્વની પહેલ ટૅક્નોલૉજી આધારિત અને નાગરિક કેન્દ્રીત શાસનના દ્રષ્ટિકોણ સાથે સુસંગત છે. સત્તાવાર યાદી મુજબ, આ પહેલના કેન્દ્ર સરકારના ઇન્ડિયા A.I. મિશન હેઠળ આધુનિક A.I. કમ્પ્યુટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર રાજ્યમાં કાર્યરત કરવામાં આવી રહ્યા છે. તેમાં 100થી વધુ હાઈ-પરફોર્મન્સ ગ્રાફિક્સ પ્રોસેસિંગ યુનિટ્સ - GPUs ઉપલબ્ધ કરાવાશે, જે રાજ્યના સરકારી વિભાગ, શૈક્ષણિક સંસ્થાઓ અને સ્ટાર્ટ-અપ્સ માટે ઉપયોગી બનશે.

આ સંયુક્ત ઇન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા વિવિધ હિતધારકોને A.I. આધારિત મહત્વની પ્રવૃત્તિઓ જેમ કે, મોડલ ટ્રેનિંગ, નવીન એપ્લિકેશન્સનો વિકાસ અને સ્કેલેબલ સોલ્યુશન્સના અમલીકરણ માટે સક્ષમ બનાવશે, જે જાહેર સેવા પ્રદાનમાં સુધારો અને ઔદ્યોગિક નવિનતા પ્રોત્સાહિત કરશે.

# TAPI FOREST FIRE

તાપીના વન વિભાગ દ્વારા ઉનાળા દરમિયાન જંગલોમાં લાગતી આગને પ્રસરતી અટકાવવા ઉપગ્રહ આધારિત ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

આગ લાગતા પહેલા તેના પર નિયંત્રણ રાખવા દવ રેખા બનાવવામાં આવી રહી હોવાનું જિલ્લા વન અધિકારી  સચિન ગુપ્તાએ જણાવ્યુ હતું.

(BYTE : સચિન ગુપ્તા, DFO, તાપી)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

....................................

# NAVSARI VIKASKARYO

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલની ઉપસ્થિતિમાં નવસારી મહાનગરપાલિકાના 44 કરોડ 65 લાખ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયું. આ પ્રસંગે પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી પાટીલે કહ્યું, આ વિકાસકાર્યોથી નવસારીના લોકોની સુગમતા અને સુખાકારીમાં વધારો થશે.

(BYTE: C. R. PAATIL, UNION MINISTER)

# SURENDRANAGAR – ROYALTY

સુરેન્દ્રનગરમાં થાનગઢના ગુગલીયાણા ગામમાંથી ખનીજ કોલસાનું રોયલ્ટી કૌભાંડ પકડાયું. ચોટીલાના નાયબ કલેકટર એચ ટી મકવાણા અને મામલતદાર થાનગઢની સંયુક્ત ટુકડીએ એક ખાનગી પેઢીમાં આકસ્મિક દરોડા પાડી આ કૌભાંડ પકડ્યું છે. તપાસ દરમિયાન 78 લાખ રૂપિયાથી વધુનો સામાન કબજો કરાયો હોવાનું નાયબ કલેક્ટરે જણાવ્યું.

(BYTE- એચ ટી મકવાણા)

# STATE WEATHER UPDATE

હવામાન વિભાગે રાજ્યમાં આગામી બે અને ત્રણ એપ્રિલે ફરી વરસાદી પ્રણાલિ સક્રિય થવાની આગાહી કરી છે. દરમિયાન આજે રાજ્યના કેટલાક વિસ્તારમાં ગાજવીજ સાથે વરસાદની સંભાવના છે. હવામાન ખાતાના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ કહ્યું, આગામી ચાર દિવસમાં રાજ્યના મહત્તમ તાપમાનમાં બે-થી ત્રણ ડિગ્રી સેલ્સિયસ સુધીનો ઘટાડો નોંધાઈ શકે છે.

(BYTE: PRADEEP SHARMA, SCIENTIST, IMD AMDAVAD)

# RAIN IN DISTRICTS

રાજ્યના કેટલાક જિલ્લામાં સામાન્ય વરસાદ થતાં લોકોને ગરમીમાંથી રાહત મળી હતી. અમરેલી જિલ્લામાં ખાંભાના ધજડી, વાંકિયા સહિતના ગામડામાં વરસાદી ઝાપટા પડતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે.

બોટાદમાં પણ ગઈકાલે બપોર પછી કમોસમી વરસાદ થતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

# STATE PLAYER MEDALS

રાજ્યના ખેલાડીઓએ ત્રીજી રાષ્ટ્રીય ઑપન રિલે સ્પર્ધામાં અનેક ચંદ્રક જીત્યા છે. તાજેતરમાં ચંદીગઢમાં યોજાયેલી આ સ્પર્ધામાં હિંમતનગર ઍથ્લેટિક્સ મહિલાની ટીમે 20 વર્ષથી ઓછી વયની શ્રેણીમાં 49.60 સેકેન્ડના સમય સાથે રજત ચંદ્રક જીત્યો છે. હિંમતનગરનાં જાગૃતિ ઝારુ, રામ પ્રેમલતા અને વાલ્વી સુમિતાએ રાજ્યને આ ગૌરવ અપાવ્યું છે.

જ્યારે સ્પર્ધામાં 4 X 400 મિક્સ્ડ રિલેમાં 20 વર્ષથી ઓછી વયની શ્રેણીમાં ટીમનાં ખેલાડી આશા ચૌધરી, માર્ગી નકુમ, કુલદીપ ગોહિલ અને હિમાંશુ યાદવના ભવ્ય પ્રદર્શનથી રાજ્યની ટીમે કાંસ્ય ચંદ્રક પોતાના નામે કર્યો છે. ગુજરાત રમતગમત સત્તામંડળે સોશિયલ મીડિયા સંદેશમાં આ તમામ ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવી છે.

# UMRETH BY ELECTION

આણંદની ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટા-ચૂંટણી માટેનું આજે જાહેરનામું પ્રસિદ્ધ કરાશે. આ બેઠક માટે આગામી 23 ઍપ્રિલે મતદાન થશે અને ચાર મે-એ પરિણામ જાહેર કરાશે.

ભારતીય જનતા પાર્ટીએ પેટાચૂંટણી માટે ચૂંટણી પ્રભારી તરીકે પ્રદિપસિંહ જાડેજા અને ચૂંટણી ઇન્ચાર્જ તરીકે હસમુખ પટેલની નિમણૂક કરી છે.

**ઉલ્લેખનીય છે કે, ઉમરેઠના ધારાસભ્ય ગોવિંદ પરમારના અવસાનના કારણે આ બેઠક ખાલી પડી છે.**